# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 15-03-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **બકુલા પરમાર** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# Brahman Business Meet

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જ્ઞાન આધારિત અર્થતંત્રનો વિચાર આપ્યો છે અને બ્રહ્મસમાજે તેમાં અગ્રેસર રહેવાનું છે.

આજે અમદાવાદના સાયન્સ સિટીમાં મેગા બ્રાહ્મણ બિઝનેસ મીટની ચોથી આવૃત્તિનું ઉદ્ઘાટન કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, બ્રહ્મસમાજ મશીનથી કૃત્રિમ બુધ્ધિમત્તાથી વિશેષ એવી કુદરતી બુધ્ધિમત્તાનો સદીઓથી ઉપયોગ કરે છે. ત્રણ દિવસની આ બિઝનેસ મીટમાં યુવાનો માટે રોજગાર મેળાનું પણ આયોજન થયું છે. બીટુબી અને બીટુસી મિટિંગ પણ યોજવામાં આવશે. સમિટમાં 200થી વધુ સ્ટોલ ઊભા કરવામાં આવ્યા છે.

કાર્યક્રમમાં કેન્દ્રીય મંત્રી સી.આર. પાટિલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

. . . . . . . . . . . .

# Bharuch Accident

ભરૂચ જિલ્લામાં ધુળેટીના તહેવાર દરમિયાન અલગ-અલગ 5 સ્થળોએ 6 લોકો ડૂબ્યા છે. આમાંથી એક બાળક સહિત ત્રણનાં મૃતદેહ મળી આવ્યાં છે. ભરૂચ જિલ્લાના સમની, દયાદરા, નંદેલાવ, મકતમપુર અને કળોદમાં આ ઘટનાઓ બની છે, જેમાંથી નંદેલાલ, દયાદરા અને સમનીમાંથી એક બાળક સહિત ત્રણના મૃતદેહ મળી આવ્યાં છે.

મકતમપુર અને કળોદમાં ડૂબી ગયેલા યુવકોની શોધખોળ હાથ ધરવામાં આવી છે. ગઈ કાલે નંદેલાવ ગામનાં સાત વર્ષીય અને 11 વર્ષીય બાળક ગામનાં તળાવમાં ડૂબી ગયા હતા, જેમાંથી ભરૂચ નગરપાલિકાના ફાયર બ્રિગેડના જવાનોને સાત વર્ષીય બાળકનો મૃતદેહ મળી આવ્યો હતો.

. . . . . . . . . . . .

# Mahisagar Power Connection

મહીસાગર જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા કર્મચારીઓની મદદથી બિલ સ્વીકારવાની સુવિધા બંધ કરી દેવામાં આવતા ગ્રાહકોને બિલ ભરવામાં મુશ્કેલી પડી રહી છે. બિલ ન ભરવાથી ગ્રાહકોનાં વીજ જોડાણ પણ બંધ કરવામાં આવી રહ્યા છે.

અગાઉ, વીજ કંપનીના કર્મચારીઓ ગ્રામ પંચાયત કે ડેરી જેવી જાહેર જગ્યા પર બેસીને બિલના નાણા સ્વીકારતા હતા. સૂત્રોનાં જણાવ્યા પ્રમાણે કેશલેસ અને પેપરલેસ કામગીરી માટે ઉચ્ચ કક્ષાએથી સૂચના અપાઈ હોવાથી રૂબરુમાં બિલ ભરવાની સેવા બંધ કરી હોવાનું જાણવા મળ્યું છે.

ગ્રામ્ય વિસ્તારોમાં નેટવર્કની સુવિધાનો અભાવ તેમજ ખેતી અને પશુપાલન પર જીવતા પરિવારો ડિજિટલ સેવાનો લાભ ન લઈ શકતા હોવાથી બિલ ભરવામાં મોડું થવાથી દંડ ભરવો પડે છે.

. . . . . . . . . . . .

# Dang - Kuposhan

૯૮ ટકા આદિવાસી લોકોની વસ્તિ ધરાવતા ડાંગ જિલ્લામાં કુપોષણની સમસ્યા નિવારવા જિલ્લાની 441 આંગણવાડીમાં શૂન્યથી પાંચ વર્ષના બાળકોની સારવાર કરવામાં આવે છે.

જરૂરીયાતવાળા કુપોષિત અને અતિકુપોષિત બાળકોને મેડિકલ સારવાર અને પોષણ આપીને બાળકોને તંદુરસ્ત, કુપોષણ મુક્ત બનાવવાનું અભિયાન સમગ્ર જિલ્લામાં હાથ ધરવામાં આવ્યું છે.

ન્યુટ્રીશન આસિસ્ટન્ટ હર્ષનાએ આ અંગે વધુ માહિતી આપીઃ

(બાઇટ- હર્ષના, ન્યુટ્રીશન આસિસ્ટન્ટ)

. . . . . . . . . . . .

# Planting of Summer Crops

મહેસાણા જિલ્લામાં 30 હજાર 162 હેક્ટર જમીનમાં ઉનાળુ પાકનું વાવેતર થઈ રહ્યું છે. જેમાં 18 હજાર 541 હેકટરમાં ઘાસચારાનું, 6 હજાર 902 હેકટરમાં બાજરીનું, 2 હજાર 964 હેકટરમાં શાકભાજીનું, 1,095 હેકટરમાં મગફળીનું, 237 હેકટરમાં ડાંગરનું, 73 હેકટરમાં મકાઇનું, 8 હેકટરમાં ડુંગળીનું તેમજ 81 હેકટરમાં તડબૂચનું અને 77 હેકટરમાં ફળ પાકનું વાવેતર થયું છે.

જિલ્લાના 10 તાલુકાઓ માંથી બહુચરાજી, વિસનગર અને ઊંઝા તાલુકામાં અંદાજ કરતાં વાવેતર વધુ થયું છે. હાલ ઘઉંની લણણીની પ્રક્રિયા ચાલી રહી છે.

. . . . . . . . . . . .

# KUTCH UNI-ISR MOU

ક્રાંતિગુરુ શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી તથા ઇન્સ્ટિટયૂટ ઓફ સિસ્મોલોજિકલ રિસર્ચ ISR વચ્ચે સમજૂતિપત્ર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા છે. આ અંતર્ગત, ભુસ્તરશાસ્ત્ર અને ભૂકંપ સાથે સંકળાયેલા વિવિધ સંશોધન પ્રોજેક્ટ્સ હાથ ધરવામાં આવશે.

ISR દ્વારા કચ્છ યુનિવર્સિટી ખાતે પ્રાદેશિક સંશોધન કેન્દ્ર સ્થાપવામાં આવશે. આ કેન્દ્રમાં વિવિધ પ્રયોગાશાળાઓનું નિર્માણ કરાશે.

કચ્છ યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને આઇએસઆરના વૈજ્ઞાનિકો દ્વારા ભૂસ્તરશાસ્ત્ર તથા ભૂકંપ વિશેના અભ્યાસક્રમો ભણાવવામાં આવશે અને તેમને આઇએસઆરમાં ટ્રેનિંગ, પ્રોજેક્ટ તથા સંશોધનના વિવિધ પ્રોજેક્ટ્સ પર કામ કરવાની તક મળશે. આઇએસઆરના વૈજ્ઞાનિકોને કચ્છ યુનિવર્સિટી ખાતે પીએચડીની ગાઇડશીપ પણ એનાયત કરવામાં આવશે.

. . . . . . . . . . . .

# VALSAD - CYBER TRAINING

વલસાડમાં 263 પોલીસકર્મીઓને ડિજિટલ ફોરેન્સિક અને સાઇબર તપાસની તાલીમ અપાઇ.

અમારા વલસાડના પ્રતિનિધિ નવીન પટેલના જણાવ્યાં પ્રમાણે વલસાડના મોંઘાંભાઈ હોલમાં સાઇબર ક્રાઇમ અંગે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વલસાડ, સુરત અને નવસારી જિલ્લાના 263 પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને ટેક્નિકલ નિષ્ણાતોએ ઓનલાઈન ફ્રોડ આચરનારાઓને પકડવાની વિવિધ પદ્ધતિઓની માહિતી આપી હતી. તેમાં ડિજિટલ ફોરેન્સિક, ડેટા એનાલિસિસ અને ડિજિટલ ફુટપ્રિન્ટ્સનો ઉપયોગ કરી સાઇબર ક્રાઇમની તપાસ કેવી રીતે કરવી તેનું માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં સુરત, વલસાડ અને નવસારીના પોલીસ વડાઓ ઉપસ્થીત રહ્યા હતા.

. . . . . . . . . . . .